
ગાંધીનગર સમાચાર


**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૫.૫ ડીગ્રી
લઘુતમ : ૨૦.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૨ ટકા ● સાંજે ૨૬ ટકા

# શહેરમાં વધુ આગના બે બનાવો

## ગરમી શરૂ થતા ફાયર કૉલ વધ્યા : મીના બજારમાં અચાનક અલ્ટો ગાડી સળગી ઉઠી : સે-૨૧માં ટોરેન્ટના ટ્રાન્સફોર્મરમાં આગ લાગતા દોડધામ




### ફેબ્રુઆરીના ૨૮ દિવસમાં ફાયરબ્રિગેડ ૧૦૫ જગ્યાએ દોડી...!

**૮૨ બંદોબસ્ત, ૧૨ ફાયર કોલ અને ૧૧ બચાવ કોલ એટેન્ડ કર્યા**

ગાંધીનગર ફાયરબ્રિગેડની ટીમ ગત ફેબ્રુઆરી મહિનાના ૨૮ દિવસોમાં ૧૦૫ જગ્યાઓ ઉપર દોડી હોવાનું જાણવા મળ્યું છે. ફાયરબ્રિગેડે ફેબ્રુઆરીમાં ૮૨ બંદોબસ્ત કર્યા હતા. શહેરમાં ૪૦, જિલ્લામાં ૨૨, હેલીપેડમાં ૧૨ અને વિધાનસભામાં ૮ બંદોબસ્ત ફાયરબ્રિગેડે કર્યા હતા તે ઉપરાંત ફાયર કૉલ ૧૨ મળ્યા હતા. શહેરમાં આગના સાત બનાવો અને જિલ્લામાં પાંચ બનાવો બન્યા હતા. બંદોબસ્ત અને ફાયર કૉલ ઉપરાંત ૧૧ બચાવ કૉલ એટેન્ડ કર્યા હતા. ૭ કોલ શહેરમાં અને ૪ કોલ જિલ્લામાંથી આવ્યા હતા. આમ ફેબ્રુઆરીના ૨૮ દિવસોમાં ફાયરબ્રિગેડ બંદોબસ્ત, ફાયર કૉલ અને બચાવ કૉલના મળીને ૧૦૫ સ્થળોએ દોડી હતી.

ગાંધીનગર, તા.૯

શહેરમાં અત્યારે બેવડી ઋતુનો એહસાસ થઈ રહ્યો છે. મોડી રાત્રે અને વહેલી સવારે ઠંડી હોય છે અને બપોરે આકરી ગરમી હોય છે. ગરમીની શરૂઆત થઈ જતા હવે શહેરમાં ફાયર કૉલ્સ પણ વધવા લાગ્યા છે. છેલ્લા અઠવાડીયાથી આગ લાગવાના સાતેક જેટલા બનાવો બન્યા છે. આજે જ આગના બે બનાવો બન્યા હતા. સે-૨૧ ખાતે ટોરેન્ટના ટ્રાન્સફોર્મરમાં આજે બપોરે આગ લાગી હતી. બીજી તરફ જુના સચિવાલય પાછળ મીના બજારમાં અલ્ટો ગાડીમાં અચાનક આગ લાગી હતી. ગાંધીનગર ફાયરબ્રિગેડની ટીમે બંને આગ કાબુમાં લઈ લીધી હતી. સદભાગ્યે બંને ઘટનામાં કોઈ મોટું નુકશાન કે જાનહાની થવા પામી ન હતી.

મળતી માહિતી મુજબ શહેરના સેકટર-૩-સી પ્લોટ નં. ૧૪૩૧/૨ ખાતે રહેતા વિરલભાઈ પરમાર આજે બપોરે પોતાની જીજે ૧૮ એ.બી. ૩૩૭૬ નંબરની અલ્ટો ગાડી લઈને મીના બજાર ખાતે ખરીદી કરવા ગયા હતા. અચાનક તેમની અલ્ટો ગાડીમાંથી ધુમાડા નીકળવા લાગ્યા અને આગ ભભુકી ઉઠી હતી. ગાડીમાં આગ લાગતા મીના બજારમાં નાસભાગ મચી ગઈ હતી. ફાયર ઓફીસર મહેશ મોડની ટીમ સ્થળ પર પહોંચી ગઈ હતી અને પાણીનો મારો ચલાવી આગ કાબુમાં લઈ લીધી હતી તો બીજી તરફ સે-૨૧ શોપીંગ ખાતે લક્ષ્મી બેકરીની સામે ટોરેન્ટના ટ્રાન્સફોર્મરમાં અચાનક સ્પાર્ક સાથે આગ લાગી હતી. ફાયરબ્રિગેડને કૉલ મળતા આ આગને પણ કાફલાએ કાબુમાં લઈ લીધી હતી. બંને આગની ઘટનામાં કોઈ મોટુ નુકશાન થવા પામ્યું ન હતું. અલ્ટો કાર સળગી ગઈ હતી. આગ ઘટનામાં ઓઈલ સ્પ્રેડ થતા ફાયરબ્રિગેડની ટીમે ૪૦ લીટર ફોર્મ કેમીકલનો ઉપયોગ કરીને આગને કાબુમાં લીધી હતી.

## @ગાંધીનગર

● ગાંધીનગર અંતિમ ધામ ખાતે અગ્નિ સંસ્કાર પામેલ સ્વજનોના અસ્થિ વિસર્જન માટે પુષ્પાંજલી પ્રાર્થના સભા સવારે ૯.૧૫ કલાકે સે-૩૦ અંતિમધામ ખાતે યોજાશે.

● ભારત વિકાસ પરિષદ દ્વારા પ્લાસ્ટિક મુકત ગાંધીનગર બનાવવા માટે સાંજે ૫.૦૦ કલાકે કાપડની થેલીઓનું વિતરણ સે-૨૧ શાકમાર્કેટ ખાતે કરાશે.

## વાતવાતમાં

● રાજય વિધાનસભા ગૃહમાં ગાંધીનગર (ઉ)ના ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડાએ આજે માર્ગ-મકાન અને સામાન્ય વહીવટ વિભાગની માંગણીઓ પરની ચર્ચામાં ભાગ લીધો હતો.

● ગાંધીનગરમાં સે-૨૮ના રંગમંચના રિનોવેશન બાદ આજે તેનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

● ગાંધીનગર જિલ્લાના માણસામાં અપાયેલ બંધ શાંતિપૂર્ણ રહેતા સૌએ નિરાંતનો શ્વાસ લીધો હતો.

● આજે સામાન્ય વહીવટ વિભાગની ચર્ચા દરમિયાન મુખ્યમંત્રીની ગેરહાજરીનો મુદ્દો કોંગીના વિરજી ઠુમ્મરે ઉઠાવ્યો હતો પણ નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું હતું કે 'હું છું તમારા બધા પ્રશ્નોના જવાબ આપીશ.' ત્રિપુરામાં ઘણા વર્ષો પછી વામપંથી મુકત સરકારની શપથવિધિમાં હાજરી આપવા મુખ્યમંત્રી ગયા છે.

● જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં સ્વચ્છતાની જાગૃતિ માટે શેરી નાટકો દ્વારા જનજાગૃતિ અભિયાન ચાલી રહ્યું છે.

# ગાંધીનગરમાં રોહિત સમાજનો જીવનસાથી પસંદગી મેળો યોજાયો




ગાંધીનગર, તા.૯

ગાંધીનગરના ઓમ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ગુજરાત સોહિત સમાજનો દ્વિતિય જીવનસાથી પસંદગી મેળો તથા જીવનસાથી પરિચય પુસ્તિકાનો વિમોચન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં સમાજના અગ્રણી અને સમાજબંધુઓ જોડાયા હતા.

જીવનસાથી પસંદગી તેમજ પરિચય પુસ્તિકા વિમોચનમાં મુખ્ય મહેમાન પદે કસ્ટમ સુપ્રિટેન્ડેટ આર.કે. ચૌહાણ, ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડા તેમજ આર.કે. ધોકડીયા હજાર રહ્યા હતા. જીવનસાથી પસંદગી મેળામાં મોટી સંખ્યામાં રોહિત સમાજના લગ્નોત્સુક યુવક યુવતીઓએ ઉપસ્થિત રહી ઉત્સાહ દાખવી ભાગ લીધો હતો. કાર્યક્રમમાં સમાજના અગ્રણીઓ અને અતિથિઓએ પ્રસંગ અનુરુપ સંબોધન કર્યું હતું. અંતે કાર્યક્રમમાં ભાગ લેનાર તમામ મહાનુભાવો અને સમાજબંધુઓનો ઓમ ચેરીટેબલ ટ્રસ્ટે આભાર વ્યકત કર્યો હતો.

## સેકટર-૩ ન્યુ વસાહત મંડળ દ્વારા ધો-૧૦ અને ૧૨ ના વિદ્યાર્થીઓનો શુભેચ્છા સમારોહ યોજાશે

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર શહેરના સેકટર-૩ ન્યું ખાતે તા.૧૧ માર્ચને રવિવારના રોજ ધોરણ-૧૦ અને ૧૨ ની બોર્ડની પરિક્ષા શરુ થવાની હોવાથી પરિક્ષામાં બેસતા વિદ્યાર્થી ભાઈ-બહેનોને શુભેચ્છા તરીકે સેકટર-૩ ન્યું વસાહત મંડળ તરફથી દરેકને એક પેન આપવાનું આયોજન કરવામાં આવેલ છે. તો બીજીતરફ નેશનલ પોલીયો વેકસીન પ્રોગામ હેઠળ નાના બાળકોને પોલીયો વેકસીન સે-૩ ન્યુંના સરકારી દવાખાનામાં આપવાનું આયોજન કરવામાં આવેલ છે. તો સેકટરના દરેક પાંચ વર્ષ સુધીના બાળકોને પોલીયો વેકસીન લાભ લેવા વસાહત મંડળ દ્વારા અનુરોધ કરાયો છે. ત્યારે સરકારી દવાખાના ખાતે પોલીયો વેકસીનના દિવસે બોર્ડના પરિક્ષાર્થીએ રીસીપ્ટ લઈને આવવા જણાવાયું છે. જેથી દરેક વિદ્યાર્થીને બોલપેનની સાથે સારા માર્ક મેળવી ઉતીર્ણ થઈ શકે. આ કાર્યક્રમમાં સે-૩ ન્યું વસાહત મંડળના પ્રમુખ અને કમિટીના સભ્યો હાજર રહેશે.

# ઉનાળાના પ્રારંભે જ સિવિલમાં "કુલરો" બંધ : દર્દીઓ હેરાન

ગાંધીનગર, તા.૯

ઉનાળાનો ધીમી ગતિએ પ્રારંભ થઈ ગયો છે. શહેરમાં દિવસે ગરમીનો અહેસાસ થાય છે. નગરમાં એસી, પંખા તેમજ કુલરો બપોરના સુમારે શરુ કરવા પડે તેવી સ્થિતિ સર્જાઈ છે. ઠંડા પીણાની મોસમ પુરબહારમાં ખીલી ઉઠી છે. ત્યારે ઉનાળાની ગરમીમાં ઠંડુ પાણી આવશ્યક છે. ત્યારે શહેરની સિવિલ હોસ્પિટલમાં દર્દીઓ તેમજ મુલાકાતીઓ માટે મુકવામાં આવેલા કુલરો મોટાભાગના બંધ હાલતમાં છે. જેથી ઉનાળાની સિઝનના શરૂઆતના પ્રારંભે જ દર્દીઓને ઠંડા પાણી માટે વલખા મારવા પડશે અથવા તો દુર પાણી ભરવા જવાનો વારો આવશે.

ગાંધીનગર શહેરની સિવિલ હોસ્પિટલ અતિ આધુનિક બનાવાઈ છે. દર્દીઓને મળતી આરોગ્યલક્ષી સુવિધામાં વધારો થવા પામ્યો છે. પાંચ માળની ઓપીડી તેમજ આઠમાળની ઈન્ડોર બિલ્ડીંગ ઉભી કરાઈ છે. સિવિલમાં રોજના હજ્જારો દર્દીઓ વિવિધ રોગની સારવાર માટે આવે છે. ત્યારે ગત્ વર્ષે જ મોટાભાગના કુલરો સિવિલ તંત્ર દ્વારા નવા ખરીદી કરાયા હતા તો કેટલાક કુલરોનું રીપેરીંગ કામ કરવામાં આવ્યું હતું. પરંતુ દશેરાના દિવસે ઘોડો ના દોડે..તેમ ઉનાળાના સમયમાં કુલરો બંધ રહે તેવી સ્થિતિ સર્જાઈ છે. દર્દીઓ, સગાઓ, મુલાકાતીઓ તેમજ સિવિલના સ્ટાફને પણ કર્મચારીઓને ઠંડુ પાણી ભરવા માટે અન્ય બિલ્ડીંગમાં કુલર શરુ હોય ત્યાં મોકલવા પડે છે. જયારે નવી બિલ્ડીંગમાં આઠમાં માળે કુલર શરુ છે તેમજ ગ્રાઉન્ડ ફલોર પર આવેલ કુલર કાર્યરત છે. જયારે ઓપીડી બિલ્ડીંગ અને ઈન્ડોર બિલ્ડીંગ પર આવેલા કુલર શોભાના ગાંઠીયા સમાન સાબિત થયા છે. દર્દીઓ તેમજ મુલાકાતીઓને ઠંડા પાણી માટે નીચે તેમજ ઉપરના માળે કુલર ચાલુ છે ત્યાં ફરજીયાત જવુ પડે છે. જેને પગલે કોઈકવાર ચકમક પણ ઝરતી હોય છે. ત્યારે ઓપીડીમાં પણ મોટાભાગના બંધ હાલતમાં છે જેથી કુલર ચાલુ હોય ત્યાં ઠંડુ પાણી પીવા માટે જવાની જરૂરીયાત ઉભી થાય છે. ત્યારે ઉનાળાના પ્રારંભ થતા સિવિલમાં ફીટ કરવામાં આવેલા કુલર સત્વરે શરુ થાય તેવી પ્રબળ માંગ દર્દીઓ તેમજ સ્નેહીજનોમાં ઉઠવા પામી છે.

# આજે ભારત વિકાસ પરિષદ દ્વારા સે-૨૧ ખાતે કાપડની થેલીનું વિતરણ

## પ્લાસ્ટીક મુકત ગાંધીનગર અંતર્ગત શાકમાર્કેટમાં સાંજે ૫ કલાકે થેલી અપાશે

ગાંધીનગર, તા.૯

ભારત વિકાસ પરિષદ ગાંધીનગર મહિલા પાંખ દ્વારા ગાંધીનગર શહેરને સ્વચ્છ અને પ્લાસ્ટીક મુકત બનાવવા માટે તા.૧૦ માર્ચને શનિવારના રોજ સાંજે ૫ કલાકે સેકટર-૨૧ શાકમાર્કેટ ખાતે પ્લાસ્ટીકની થેલીના બદલે ઉપયોગમાં લઈ શકાય તેવી નાની કાપડની થેલીઓનું વિતરણ કરવામાં આવશે. શાકભાજી ખરીદી માટે આવતા દરેક ભાઈ બહેનોને થેલી આપવામાં આવશે અને પ્લાસ્ટીકનો ઉપયોગ નહી કરવા માટે સમજાવવામાં આવશે. જયારે નાગરીકોને ઓછા માઈક્રોનવાળી પ્લાસ્ટીકની બેગનો ઉપયોગ ટાળવા માટે અનુરોધ કરવામાં આવશે અને કાપડની થેલીનો ઉપયોગ વધુ કરવા માટે નગરજનોને અપીલ કરવામાં આવશે. પ્લાસ્ટીકની થેલીઓ પ્રદુષણને પણ નુકશાન પહોંચાડે છે. તો બીજીતરફ પશુઓના પેટમાં પ્લાસ્ટીકની થેલીઓ જતી હોવાથી તેઓ પણ ગંભીર બિમારીનો ભોગ બને છે. રાજયનું પાટનગર હોવા છતા શહેરમાં ઠેરઠેર ગંદકીના ઢગ ખડકાયેલા જોવા મળે છે. જેમાં સૌથી વધુ પ્લાસ્ટીકનો કચરો હોય છે. ત્યારે ભારત વિકાસ પરિષદ દ્વારા શહેરને પ્લાસ્ટીક મુકત કરવા માટે સુંદર પ્રયત્ન હાથ ધરવામાં આવ્યો છે. પ્લાસ્ટીક મુકત અભિયાનને આર્થિક સહાય સમવેદના ટ્રસ્ટ સુરત તેમજ અન્ય સહયોગ ગાંધીનગર મહાનગર પાલિકા તરફથી પ્રાપ્ત થયો છે. આ કાર્યક્રમમાં નાગરીકોને મોટી સંખ્યામાં જોડાવા માટે ભારત વિકાસ પરિષદના મહિલા સંયોજીક જીજ્ઞાસા રાવલ દ્વારા અનુરોધ કરાયો છે.

## સે-૨૧માં રામનવમીથી ભાગવત સપ્તાહ યોજાશે

જનસેવા સમિતિ ગાંધીનગરના લાભાર્થે શ્રીમદ્ ભાગવત સપ્તાહ કથા યોજાશે. કથા પ્રારંભ રામનવમી તા. ૨૫-૩-૨૦૧૮ના રોજ થશે જયારે કથા વિરામ તા. ૩૧-૩-૨૦૧૮ - હનુમાન જયંતિના રોજ થશે. કથાકાર શ્રી યોગી રામદાસજી મહારાજ વ્યાસપીઠ પર બિરાજશે. કથાનો સમય સવારે ૯.૩૦ થી ૧૨.૩૦ અને બપોરે ૩.૩૦થી ૬.૩૦ કલાકનો રહેશે. કથાની પૂર્ણાહુતિ નિમિત્તે સુંદરકાંડ-શ્રી હનુમાનજી પૂજન પણ યોજાશે. કથા વિશ્વકર્મા શોપીંગ સેન્ટર સામે, નિગમ પેટ્રોલ પંપ પાસે, સે-૨૧-ગાંધીનગર ખાતે યોજાશે.

# સે-૧૭ એરફોર્સ ઓફીસર્સ કવાટર્સમાં કેપ્ટનના મકાનમાં તસ્કરો ત્રાટકયા

## મકાનમાંથી ઈસ્ત્રી, ટીવી, ૨૫ નંગ નળ અને બે જોડી બુટ પણ તસ્કરો ચોરી ગયા

ગાંધીનગર, તા.૯

શહેરના સેકટર-૧૭ ખાતે આવેલા એરફોર્સ ઓફીસર્સ કવાટર્સમાં તસ્કર ટોળકી ત્રાટકી હતી. એરફોર્સના કેપ્ટન મકાન બંધ કરી ઈન્દોર ગયા હતા તે દરમિયાન તસ્કરોએ તેમના મકાનનું તાળુ તોડી અંદર ઘુસીને મકાનમાંથી ઈસ્ત્રી, ટીવી, બાથરૂમ-વૉશબેસીનના ૨૫ નંગ નળ અને બે જોડી બુટ મળી રૂ. ૪૮ હજારનો સામાન ચોરી કરી ગયા હતા. સે-૨૧ પોલિસે ઘરફોડ ચોરીનો ગુનો દાખલ કરીને ઘટનાની વધુ તપાસ આરંભી છે.

શહેરના સેકટર-૯ ખાતે આવેલા એરફોર્સ યુનિટમાં કેપ્ટન તરીકે ફરજ બજાવતા અંકુર મહાજન જોગીન્દર ગુપ્તા સેકટર-૧૭ ખાતે આવેલા એરફોર્સ ઓફીસર્સ સ્ટાફ કવાટર્સમાં રહે છે. ૧૯ ફેબ્રુઆરીએ કેપ્ટન મકાનને તાળુ મારીને ઈન્દોર તાલીમમાં ગયા હતા. સે-૧૭ના તેમના મકાનની ચાવી સિપાઈ નરેન્દ્રભાઈને આપતા ગયા હતા અને મકાનની સાફસફાઈ રાખવા કહ્યું હતું. ૫મી માર્ચે નરેન્દ્રભાઈ આવ્યા તો મકાનનું તાળુ તુટેલું જોયું હતું. બંધ મકાનને ટાર્ગેટ કરીને તસ્કરો બેશીન તથા બાથરૂમના ૨૫ નળ, એલઈડી ટીવી, મ્યુઝીક સીસ્ટમ, બે જોડી સ્પોર્ટસ શુઝ અને ઈસ્ત્રી મળીને કુલ રૂ. ૪૮ હજારની કિંમતનો મુદ્દામાલ ઉઠાવી ગયા હતા. સે-૨૧ પોલિસે ઘરફોડ ચોરીની ફરિયાદ લઈ ડૉગ સ્કવોર્ડ અને ફિંગરપ્રિન્ટ નિષ્ણાંતની ટીમ બોલવી તસ્કરો સુધી પહોંચવા તપાસ તેજ કરી છે.

# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર રાંધેજા ખાતે મહિલા દિવસ ઉજવાયો

ગાંધીનગર, તા.૯

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર રાંધેજા ખાતે 'વિશ્વ મહિલા દિવસ' નિમિત્તે ખેડૂત મહિલાઓ અને યુવા વિદ્યાર્થીનીઓ માટે કૃષિ અને પશુપાલન ક્ષેત્ર વિશે વકતવ્ય યોજવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ગુજરાત વિદ્યાપીઠના મહિલા




પ્રોફેસર ડૉ. ધારા વાઘોડિયા તથા અમરેલી ગૃહ વિજ્ઞાન કોલેજના પ્રિન્સીપાલ ડૉ. જી.જુ. વ્યાસ ઉપસ્થિત રહ્યા હતા. તેઓએ મહિલાઓ અને વિદ્યાર્થીનીઓને પ્રેરણાત્મક ઉદબોધન આપ્યું હતું. વકતવ્યમાં કૃષિ અને પશુપાલન ક્ષેત્રમાં રહેલા અવકાશો તથા આ ક્ષેત્રે મહિલાઓ ઉદ્યોગ સાહસિક બની સ્વરોજગારી મેળવે તેવી ચર્ચા કરવામાં આવી હતી. કેન્દ્રના વિષય નિષ્ણાંત ભરત હડિયાએ જણાવ્યું હતું કે મહિલાઓ અન્યને રોજગારી પુરી પાડી દેશમાં બેરોજગારી જેવી સમસ્યાઓનું નિરાકરણ લાવી શકે છે. કાર્યક્રમમાં ખેડૂત મહિલાઓ અને વિદ્યાર્થીનીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

## છોતેર ગોળ દરજી સમાજનું વાર્ષિક અધિવેશન યોજાયું

શ્રી છોત્તેર ગોળ દરજી જ્ઞાતિ સમાજનું દ્વિતિય વર્ષનું વાર્ષિક અધિવેશન વાસણીયા મહાદેવમાં શ્રી મહેન્દ્રભાઈ વસંતલાલ પરમારના અધ્યક્ષસ્થાને યોજાયું હતું. જેમાં હિસાબો તથા અન્ય કામો મંજુર કરવામાં આવ્યા હતા અને નવા વર્ષના હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી. પ્રમુખ તરીકે દિવ્યાંગભાઈ પ્રવિણભાઈ દરજી (દોલારાણા વાસણા), ઉપપ્રમુખ કનુભાઈ જોઈતારામ (દોલારાણા વાસણા), મંત્રી રાજેન્દ્રકુમાર રમણલાલ વડુ, સહમંત્રી બીપીનભાઈ ભાઈલાલભાઈ કુકરવાડા, સંગઠનમંત્રી કલ્પેશભાઈ પ્રવિણભાઈ કુકરવાડા ખજાનચી પ્રવિણભાઈ બબલદાસ (ગોઝારીયા) ઓડીટર ગોવિંદલાલ ડાહ્યાલાલ (રીદ્રોલવાળા)ની વરણી કરવામાં આવી છે તેમ નટુભાઈ કે. દરજી પેથાપુરવાળાએ જણાવેલ છે.

# સાબરમતી સમૃદ્ધિ સેવા સંઘ દ્વારા મહિલા દિનની ઉજવણી




ગાંધીનગર, તા.૯

ગાંધીનગર જિલ્લામાં આવેલી સાબરમતી સમૃદ્ધિ સવા સંઘ સંસ્થામાં આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. સંસ્થામાં 'આવ્યો સમય પ્રગિતનો' વિષયના અનુસંધાને મહિલાઓનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ઉત્તર ગુજરાતના અલગ અલગ ૬ જિલ્લાઓમાંથી ૨૨૦ મહિલાઓ તથા સંસ્થાના વડા આર્ચ બીશપ થોમસ મેકવાન, સે-૧૬ મહિલા પોલિસ સ્ટેશનના પી.એસ.આઈ. શિલ્પા ચૌધરી તથા ગુજરાત રાજય મહિલા સુરક્ષા સમિતિના ડાયરેકટર સીતા રબારી ઉપસ્થિત રહ્યા હતા. સીતા રબારીએ તેમના વકતવ્યમાં 'બેટી બચાવો, બેટી વધાવો' વિશે સમજાવ્યું હતું. આ ઉજવણીમાં સમાજકાર્ય ક્ષેત્રમાં કાર્ય કરતા મહાનુભાવો તેમજ સંસ્થાનો સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો. આ ઉપરાંત કાર્યક્રમમાં મહિલાઓ તથા બાળકોના તંદુરસ્ત આરોગ્ય, જાતીય શોષણ વિરોધી કાયદા તેમજ મહિલા સુરક્ષાના અલગ અલગ સાંસ્કૃતિક કાર્યક્રમો રાખવામાં આવ્યા હતા.

# રાંધેજામાં બાંકડે બેઠેલા યુવાન ઉપર તલવારથી જીવલેણ હુમલો

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર નજીક આવેલા રાંધેજા ગામમાં ગઈ કાલે સાંજે દવાખાના પાસેના બાંકડે બેઠેલા એક યુવાનને ટાર્ગેટ કરીને સફેદ કલરની ગાડી લઈને આવેલા હુમલાખોરોએ યુવાન પર તલવાર વડે હુમલો કર્યો હતો. હુમલો કરીને યુવાનની સોનાની ચેઈનની લુંટ કરી ગાડી લઈને હુમલાખોરો ફરાર થઈ ગયા હતા. ઈજાગ્રસ્ત યુવાનની ફરિયાદને આધારે પેથાપુર પોલિસે ગુનો દાખલ કરીને ઘટનાની તપાસ શરુ કરી છે.

મળતી વિગત મુજબ રાંધેજા ગામમાં રહેતો જીગર નાગજીભાઈ રબારી ગઈ કાલે મોડી સાંજે ગામના સાર્વજનિક દવાખાના પાસે બાંકડા ઉપર બેઠો હતો ત્યારે રાત્રે પોણા દશ વાગ્યાના અરસામાં સફેદ રંગની એક ગાડીમાં રાંધેજાનો મૌલિક રશીક પટેલ તથા અન્ય ત્રણ શખ્સો આવ્યા અને જીગર રબારી સાથે કોઈ કારણોસર ઝપાઝપી કરી દોઢ તોલા વજનનો સોનાનો દોરો લુંટી લઈ તલવાર વડે હુમલો કરી આખી ગેંગ ફરાર થઈ ગઈ હતી. ઈજાગ્રસ્ત જીગર રબારીને હોસ્પિટલ લઈ જવાયો હતો અને તેની ફરિયાદને આધારે પેથાપુર પીએસઆઈ વી.બી. દેસાઈએ મૌલિક પટેલ તથા અન્ય ત્રણ અજાણ્યા શખ્સો સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## ચિરવિદાય

● સ્વ. પટેલ મધુબેન નટવરલાલ, ઉ.વ. ૬૩
● સ્વ. ઠાકોર શારદાબેન શંકાજી, ઉ.વ. ૭૫
● સ્વ. કાળાભાઈ મણીલાલ તુરી, ઉ.વ. ૫૩
● સ્વ. પટેલ સોમાભાઈ પોચાભાઈ, ઉ.વ. ૮૪
● સ્વ. પરમાર રેવીબેન રણછોડભાઈ, ઉ.વ. ૧૦૩